ઘરનો આનંદ ગ્રંથ

વૈરાગ્યબચુનાઝતો

પુષ્પ બીજું

મૂલ્ય રૂ. ૦-૩-૦

રચયિતા :
ઠકરદાસ

વૈરાગ્ય વચનામ્રતો

ૐ

ઉર્મીઓ

[illegible]થક પ્રથક રીતીયે સોળ પુષ્પ પ્રસિદ્ધ કર્યા.

ભક્તિના વિશાળ પંથે વિચરતાં "વૈરાગ્ય વચનામ્રતો" જનસમૂહને રૂચિકર નિવડે એ [illegible]ાષણાએ જીવન મંદિરમાં પ્રવેશી નિશ્ચયવંત [illegible]ર્યો.

હરેક ધર્મ અને હરેક ધર્મના પ્રીસ્તાઓ એકજ પંથ દર્શાવે છે કે ભક્તિ એજ મુક્તિની [illegible]ીધી સડક છે. પછી હરકોઈ પ્રકારે માનવ પોતપોતાની મસ્તીમાં આત્મશુદ્ધિ થવા બાદ એ માર્ગનો અધિકારી નિવડે છે.

ભક્તિના વિશાળ પંથે આ વૈરાગ્ય **વચનામૃતો** હરેક માનવ મનન કરી શકે એટલી ઉચ્ચ કક્ષાએ આલેખ્યાં છે. મને આશા છે કે ભક્તિમસ્ત જીવાત્માઓ મારા આ જુજ શ્રમને યથાર્થ બનાવવા સહાનૂકુળ નિવડશે.

અંતમાં પ્યારા પ્રભુને વારંવાર વંદન કરતાં વિરમુ.

અષાડ શુકલ
સંવત ૧૯૯૬
ફત્તાસાની પોળ
નવિપોળ
અમદાવાદ

છોરૂ

કિંકરદાસ

ક્ષમા એ મોક્ષનો દરવાજો છે

કાવ્ય પહેલુ

[રાગ૦ ઓ માતૃભુમિ તારા]

ભગવાન તું અમારા
　　મુક્તિ તણા કિનારા
ઝળકે પ્રકાશ ત્હારા
　　આશા તણા સિતારા....૧
ગંદી મલીન કાયા
　　મોહે સડી રહી છે
શુદ્ધિ કરો હૃદયની,
　　ભવરોગ ટાળનારા....૨

અજ્ઞાન અંધકારે
ભવમાં ભૂલા પડેલા
આશ્રય અમોને દેજો
રહીયે સદા ત્હમારા...૩
અમ ભાગ્યના ઉદયથી
જ્યોતિ તુંહી જડી છે
આ બાળને બતાવો
દિવા તણા મિનારા....૪
આશિષ દાન આપી
શક્તિ અખૂટ ભરજે
કિંકર કહે હવે તો
આધાર એક ત્હારા....૫

કાવ્ય બીજુ

[રાગ-આવો આવો કનૈયા હમે મંદિરે]

જાના લંબી સફર ખોજ તેરા તું ઘર
કોન જગમે અમર કોન જગમે અમર ૧

જ્ઞાન ચશ્મા લગાકે પ્રભુ કો સમર
વહાં ઝૂકાદે જીગર વાં ઝૂકાદે જીગર ૨

વાડ કાંટા કી હે ઉનપે વિરલા ચલે
કર્મ અગ્ની જલે કર્મ અગ્ની જલે ૩

નૈન ખોલો એ દુનિયા હે જાદુભરી
મસ્ત યારો ને નૈયાં કિનારે કરી ૪

ખોલ તેરા ભીંતર ખોલ તેરા ભીંતર
આત્મલક્ષ્મી તું ભર આત્મલક્ષ્મી તુંભર ૫
કહાં હે તેરા સદન ભક્તિમે હો મગન
ફીર મીલેગા વતન ફીર મીલેગા વતન ૬
યોગીશ્વર યોગીશ્વર નિત્ય ઘટમે સમર
ઉનકી ભક્તિસે કિંકરબનેગાઅમર ૭

કાવ્ય ત્રીજુ

[રાગ—જાના લંબી સફર ખોજ તેરા તું ઘર.]

અબ છુડા દે મુજે મોહ જંજાળસે
ક્યું રડાતે દયાકર તુમ્હી બાળપે...૧
બાત વર્ષો વિતાયાં નજર અબકરો
મસ્ત જીવનમેં જયોતિ નિરંતર ભરો...૨

તેરી ધૂની જલી સારા બ્રહ્માંડ મે
નાદ સોહમ કી બંસી બજાઇ તુમે…૩

કયા લિખુ કયા વહુ શક્તિ મેરી નહિ
વાસ મ્હેકી તુમારા બગીચા મહી…૪

અબ છીપાના નહિ પ્યાસ કરદે પુરી
ઘોર કર્મોપે જલ્દી લગાદે છુરી…૫

કોન પયચાનતે યહ ભલા યા બુરા
ભક્તિ સાગરમે નૈયા ઝૂકાતે શૂરા…૬

અબ દયાકર દયાકર પ્રભો યોગીશ્વર
રહેમ બરસાદે કિંકર તુમ્હી બાળપર…૭

કાવ્ય ચોથુ

[રાગ—મસ્તી જગાવનારા]

અબ દેખ ક્યા રહા હે
　　કીસમત તુજે ભૂલાવે
યહ લક્ષ્મીકા ખજાના
　　તું નિંદમે ગૂમાવે...૧

કરણી અનેક ભવકી
　　વો આત્મ લક્ષ્મીપાવે
ભક્તિ સુધા વ્રષા કે
　　ઘટ પ્યાસકો છીપાવે...૨

માયા કી દુષ્ટ વાસે
ભીંતર સડા રહા હે
ફીરભી અભાગી માનવ
મેરા મેરા મનાવે...૩
ભરપુર હે ખજાના
કૈસે મીલે તુજેકો
વાડો હે કંટકો કી
કાયર કભી ન ફાવે...૪
સોહમ ધૂની જગાકે
ફીર જ્ઞાન નેત્ર ખોલો
તેરાહી પાસમે હે
દુસરો મે ક્યા મનાવે...૫

યહ મસ્તકા બગીચા
પુષ્પો અમર ખીલાયા
અબધૂત જ્ઞાનવાલા
મૂક્તિકે પંથ પાવે...૬
યોગીશ દાસ કિંકર
ભક્તિકે સંગ ઝૂલતે
ઉનકી કૃપા નજરસે
જય જય વીણા બજાવે...૭

કાવ્ય પાંચમુ
[ગઝલ]

જગતને જ્યાં વિસામા છે
નથી શાંતિ અમોને ત્યાં

અમારા જ્યાં ઉતારા છે
નથી આરામ એને ત્યાં...૧
અમે હું કોણુ ને ક્યાંથી
અજબ એ શોધમાં ફરીએ
પ્રભુના દાસ બનવાને
કટોરા પ્રેમના ભરીએ...૨
અમારે ને તમારે શું
વિકટ એ વાડ કાંટાની
પ્રહારો કારમા વેઠી
જીવન જ્યોતિ જગાવાની...૩
ભલે વૈભવ મહી ઝૂલે
સુખે શૈયા બિછાવી ને

જવાના એક દિન અંતે
નયન આંસુ વહાવીને...૪
ચઢાવી કેફ માયાનો
બની બાહોશ ફરનારા
છુંદાયા એક ક્ષણમાંહે
રહ્યા નહિ ગર્વ કરનારા...૫
નહિ મરશું નહિ મરશું
અમર પંથે સીધાવાના
પ્રભો યોગીશની ધૂની
અમે હરદમ ધખાવાના....૬
સૃજયુ છે ભાવીના યોગે
પુરી મસ્તી મચાવાના

છીપાવી પ્યાસ અંતરની
અવરની પણ છીપાવાના....૭
કહે કિંકર નથી પરવા
અમારે ને તમારે શું
ભલે લોકો કરે હાંસી
સદા જય જય ગજાવાના....૮

કાવ્ય છઠ્ઠું

[ગૃઝલ]

જગતની કારમી સીડી
પગથીયાં કેમ ચડવાનાં
ભલે આજે ચડે હરષે
છતાં કાલે ભૂલાવાનાં....૧

અજબ માયા તણી માળા
બતાવે મોહના ચાળા
ન જાણે શું થશે કાલે
ઝરૂખે ઝૂલવાવાળા....૨
નિહાળી લક્ષ્મીને પુત્રો
પિતા હરષે ફુલાવાના
પથારીમાં પડે ત્યારે
પછી આંસુ વહાવાના....૩
રડે છે કંઇ પ્રભુ પાસે
લૂંટાવા લક્ષ્મીના લ્હાવા
જગતની જાળ સોનેરી
પ્રભુ ત્યાં નહિ ઠગાવાના....૪

મળે તો પુન્યમાં ખર્ચું
મુખે બકવાટ કરવાના
કદી જો હાથ આવે તો
પ્રથમ મહેલો ચણાવાના....૫
સખાવતની કરી વાતો
અજબ કીર્તી મનાવાના
ઇમીટેશન અને હીરા
કદી નહિ એક થાવાના....૬
કહે કિંકર પ્રભુ ભક્તિ
અમીરસના ભર્યા પ્યાલા
વીરાઓ પ્રેમથી પીને
અવરને પણ પીલાવાના....૭

કાવ્ય સાતમુ

[ગઝલ]

ફસાહું મોહ કે ફંદે
છુડા લેના છુડા લેના
જગતની જુઠ જાળોસે
બચાલેના બચાલેના....૧
પડા હે નાવ સાગર મે
કિનારા કોન બતલાવે
મુજે એ કર્મ ભરતીસે
બચાલેના બચાલેના....૨
ન બક્ષે કોઇભી માફી
હમારા દોષ કે ઉપર
તથાપિ તુ દયાસિંધુ
બચાલેના બચાલેના....૩

બડા નાદાન હું મે તો
કદાપિ આપ નવ રૂઠો
ક્ષમાકા પાઠ શિખલાકે
બચાલેના બચાલેના....૪
સતાવે જંઝટો ભારી
નયન આંસુ ટપકતા હે
પ્રભો એ જંજટો મેં સે
બચાલેના બચાલેના....૫
નહિ શાંતિ મુજે મનમે
ભીતર અગ્ની જલી રહી હે
અમીકા પાન બરસાકે
બચાલેના બચાલેના....૬

ખડા હું દ્વારપે તેરા
કરૂ પોકાર ભિક્ષાકા
મુજે આશીષ દે કરકે
બચાલેના બચાલેના....૭
પ્રભો યોગીશ કે ચરણો
વિનંતિ દાસ કિંકરકી
તુંમ્હી ભક્તિ બગીચામેં
ઝૂલા લેના ઝૂલા લેના....૮

કાવ્ય આઠમુ

[ગઝલ]

તું હે ચૈતન્ય ઘન પોતે
નહિ તું કોઇભી રૂપમે

તું હે આનંદઘન પોતે
નહિ તું કોઇભી રૂપમે....૧
અરે તું કોન ને કહાંસે
તું આયા કહાંપે જાનેકા
પતા ઉનકા નહિ તુજકો
નહિ તું કોઇભી રૂપમે....૨
નહિ જ્ઞાતી નહિ જાતી
નહિ ઓળખ દીસે ત્હારી
છતાં તું કયું ફસાયા હે
નહિ તું કોઈભી રૂપમે....૩
નહિ એ દેહ ભી તેરા
નહિ એ રૂપભી તેરા

નહિ યૌવન કભી તેરા
નહિ તું કોઇભી રૂપમે....૪
નહિ તું પૃથ્વી કે પાની
નહિ આકાશ કે વાણી
નહિ તું વાયુ કે અગ્ની
નહિ તું કોઇભી રૂપમે....૫
કલેવર એક લકડીકા
તું હે નિર્મળ નિરાકારા
નહિ તીન લોકમેંભી તું
નહિ તું કોઇભી રૂપમે....૬
ડશા હે સર્પ માયાકા
ઉસીકા કેફમે સોતા

કલેવર ભસ્મ હોનેકા
નહિ તું કોઇભી રૂપમે....૭
ખજાના દેખ તું તેરા
ભરાહૈ આત્મ લક્ષ્મીસે
લૂંટાતે કયું મુરખ મદમે
નહિ તું કોઇભી રૂપમે....૮
અચળ શ્રદ્ધા અચળ ભક્તિ
ધૂની ઘટમે ધખાવી દે
તુંહી પોતેજ બ્રહ્મા હે
નહિ તું કોઇભી રૂપમે....૯
તુંહી કૃષ્ણા તુંહી રામા
તુંહી જગદીશને જીનવર

તુંહી પોતેજ ઇશ્વર હે
નહિ તું કોઇભી રૂપમે....૧૦

ફિકર કી ખાખ કરકે તું
ગુરૂકે સંગ લાગી જા
પીછે તેરા તુજે ભાસે
નહિ તું કોઇભી રૂપમે....૧૧

કહે કિંકર ગુરૂ ભગવંત
કૃપા હો જાઇગી મુજપે
બનુ મે આપ ચૈતન્યઘન
બનુ મે આપ ચૈતન્યઘન....૧૨

કાવ્ય નવમુ

[કવ્વાલી]

તું નિરંજન તું નિરાળા
તું બનીજા અજર અમર—એ ટેક.

તું નહિ ચારે દિશામાં
તું નહિ બ્રહ્માંડમાં
તું અને હું કોઇ પણ નહિ
તું બનીજા અજર અમર ...૧

ભવનગરમાં ભ્રમણ કીધું
જન્મ મૃત્યુ ખાઇમાં
જન્મ ને મૃત્યુ ન તુજને
તું બનીજા અજર અમર....૨

કર્મ શત્રુ મહાન ભાસે
તેં બનાવ્યો એહને
વિજય કર્મ તણો કરીને
તું બનીજા અજર અમર...૩
હાડ માંસ રૂધીર કેરૂં
દેહ દેવળ તાહરૂં
તું અને દેવળ અલગ છે
તું બનીજા અજર અમર....૪
મહેલ માટીનો ચણાયો
જુઠનાં દ્વારો મુકયાં
મોહ માયા તાન મચવે
તું બનીજા અજર અમર....૫

કર્મનાં ફળ ભોગવે તું
રંક કે રાણો બને
કોઇ નહિ તારૂં સમજલે
તું બનીજા અજર અમર....૬
સુખ અને દુઃખ નહિ તું હીને
જગ બધું રોયા કરે
નિજ તણો આનંદ લૂંટવા
તું બનીજા અજર અમર....૭
કંઈક લકડીમાં જલાયા
કંઈક મીટ્ટીમાં દટાયા
હંસ પરદેશી મુસાફીર
તું બનીજા અજર અમર....૮

તત્ત્વ તુજમાં કોઈ નહિ છે
રંગ રૂપ કશું નહિ
નર્ક સમ દુર્ગંધ ભાસે
તું બનીજા અજર અમર....૯

રોગ તું મનના મટાડી
વાસ કર તું ભક્તિની
અચળ શ્રદ્ધા પાન કરતાં
તું બનીજા અજર અમર....૧૦

ધ્યાનની ભઠ્ઠી જલાવી
ખાખ કર તું કર્મની
સદ્ગુરૂના સંગ રહીને
તું બનીજા અજર અમર....૧૧

એજ મસ્તીમાં હું ફરતો
સદગુરૂ ભગવાનમાં
દાસ કિંકર ગુરૂ કૃપાથી
જરૂર બનશો અજર અમર....૧૨

કાવ્ય દશમુ

[રાગ–હું તો જોબનમાં ઝૂલતી કુમારીકા]

આજ પ્રભુ ચરણોમાં બાલુડાં ઝૂલે
અલબેલા નાદ અને મીઠા સાદલડે
અજબ ભક્તિને તાનમાં હુલે...
પ્રેમ પુષ્પ બાગ મહી સોહમની વાસના
દિવ્ય મસ્તીનાં ફુલડાં ખીલે....
અમ્રતનાં નીર ઝરે યોગીના મંદિરે
ક્ષમા શાંતિની દીવીઓ બળે....

આવો ચેતનજી આતમ ઉજાળવા
એના દર્શનથી દુ ખડાં ટળે....૪
પ્રીતલડી પાળજે પ્રીતમની સાથમાં
તાર બાંધ્યા એ ગાંઠ ના ખુલે....૫
કિંકરના નાથ એક યોગી ભગવાન છે
એની આલમમાં રોશની જલે....૬

કાવ્ય અગીઆરમુ

[રાગ–આજ પ્રભુ ચરણોમાં]

પ્રભુ ભકિતમાં નાવને ઝૂલાવતો
નાથ યોગીનુ નામ નિત્ય ધ્યાવતો....૨
ભવમાં ભટકેલ તુંહી ચરણોમાં આવીયો
હૃદય મંદિરની આગને બુઝાવતો....૨

ભકિતથી ભાન થયુ નિંદરથી જાગીયો
શાંતિ શાંતિના પાનને વહાવતો....૩
સિંધુથી પાર કરો પ્યારા પ્રીતમજી
તુંહી મસ્તીનુ તાન હું મચાવતો....૪
માયાનો સંગ કરી અંધારે આથડયો
આજ નયનોમાં અંજન લગાવતો....૫
કિંકરના પ્રાણનાથ યોગી ભગવાન છે
એના ચરણોમાં શીષ હું ઝૂકાવતો....૬

કાવ્ય બારમુ

[રાગ–સોરઠની ચાલ]

મત છોડો
મે નિર્ધન હું તુમ બાળ મત છોડો

પ્રીત કીની મે પ્રિયતમ જાણી
અબ ક્યું કરતે આનાકાની
ભેદ નહિ ખોલો....મત છોડો....૧
અબ તો પાપ લગેગા ભારે
પીયુ પત્નીકો કેમ વિસારે
પ્રીત કૈસે તોડો....મત છોડો....૨
જંગલમે કોયલ ટહુકારે
પળ પળ નામ જપુ હું પ્યારે
પ્રીતમ મુખે બોલો...મત છોડો....૩
કિંકર પ્યાસ છીપાદે સ્વામી
તુંહી તુંહી મન અંતર્યામી
ચિત તુંહીમે જોડો....મત છોડે. ..૪

કાવ્ય તેરમુ

[આશાવરી]

હમારે એક પ્રભુ યોગી
નિત્ય પૂકારે જગકે લોકો
આશ વિવિધ મનકી
પ્યાસ છીપાવે પરમ પ્રતાપી
આગ બુઝે તનકી...૧ જય
બ્રહ્મ ભુવનમે જય જય બાજે
જયોત વિભુવર કી
નયન થકી એ કોન નિહાળે
ગત ન્યારી ઉનકી...૨ જય

કોઈ કહત મે નાથ પિછાણુ
માળ તુંહી પહકી
માયા સબકો ભાન ભૂલાવે
દુનિયા મતલબ કી... ૩ જય
દશાન દર્શન પળપળ રટતે
સમજ નહિ મનકી
આતમ દર્શન અવિચળ મંદિર
ગત યોગીશ્વર કી...૪ જય
ભાન ભૂલી સબ જગ પટકાણા
ખાખ બની તનકી
કિંકર કહે એ કીમ પિછાણુ
માયા મસ્તન કી...૫ જય

કિંકરનુ હાલ સુધીનુ પ્રકાશ

૧ શ્રીમદ્ ધર્મવિજયજીનુ જીવનવૃત્તાંત
૨ સમ્રાટ કાવ્યમાળા ભાગ પહેલો
૩ ,, ,, ભાગ બીજો
૪ ,, ,, આવૃતી ભાગ પહે
૫ ભક્તિતરંગ
૬ ભક્તિરસકાવ્યો ને આત્મચિંતન ૫
૭ શ્રીમદ્ ગુરૂમંદિર મહોત્સવપ્રસંગે
૮ શ્રી માંડાલી નગર અને મંગલ મં...
૯ વૈરાગ્ય તરંગ અને ગુરૂકાવ્યગુંજન
૧૦ વૈરાગ્યપદો અને શ્રીમદ્ ગુરૂકાવ્યો
૧૧ ભલાભગવાનના તરંગો
૧૨ શક્તિ મહાદેવી કીર્તન
૧૩ ગુરૂકીર્તન
૧૪ જ્યોતિનાં કિરણોને ભક્તિ રસ કાવ્યો
૧૫ ગુરૂકીર્તન આવૃતી બીજી
૧૬ ગુરૂ પુર્ણીમા પ્રસંગે કીર્તન–ગરબાઓ

શ્રી વીરવિજય પ્રિ. પ્રેસ, સલાપોસ ક્રોસરોડ–અમદાવાદ